<u>અમદાવાદનાં મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં</u>

**ફોજદારી કેસ નં. 75768 / 2024**

(૧) ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી/આરોપીઓએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી/આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપી/આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપી/આરોપીઓની પ્લી ગુના સબબ નોંધતા, આરોપી/આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી/આરોપીઓએ ગેરકાયદેસર દારૂ રાખી **પ્રોહી. એકટની કલમ–૬૫ (એ)(એ), ૮૧** મુજબનો શિક્ષપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) આરોપી/આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપી/આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપી/આરોપીઓએ પોતાનાથી અજાણતા, ઈરાદા સિવાય, રોજીરોટીની તલાશ/કામગીરીમાં આવા પ્રકારનો પ્રથમવાર ગુનો થયાનું જણાવેલ હોય, આ કામના આરોપી/આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપી/આરોપીઓને સજા કરવી જોઈએ તેમ માનું છું. પરંતુ આરોપી/આરોપીઓની કબૂલાત પુરસીસ વંચાણે લેતા તેમ જ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોને લક્ષમા લેતા <u>તેમ જ ન્યાયમૂર્તિ ડો. જે. એન.ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર(ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)</u>ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા લેતા, આ કામમાં આરોપી/આરોપીઓને હાલના ગુના સબબ કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપી/આરોપીઓની સામેના ગુનાને લક્ષમા લેતા, આવા પ્રકારના સંજોગો તથા રજુઆતોને લક્ષમા લેતા આરોપી/આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ અને તેવા સંજોગો ધ્યાને લઈ યોગ્ય સજાનો હુકમ કરવો ન્યાયિક જણાય છે , જેથી ન્યાયના વિશાળ હીતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧) આરોપી/આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૧ મુજબ **પ્રોહી. એકટની કલમ–૬૫ (એ)(એ), ૮૧** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી સદર ગુના સબબ **<u>દરેક આરોપીને રૂા.૨૦૦/–</u>** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. (**કુલ દંડ – રૂા.૪૦૦/–**)

૨) દંડ કસૂર બદલ દિવસ–૧૦ ની સાદી કેદ ભોગવવી.

૩) મુદ્દામાલ (જો હોય તો) અંગે અગાઉ થયેલ હુકમ અપીલ સમય બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૨ તળે બિનશરતી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને આવો કોઈ હુકમ બાકી હોય તો જ તેવા સંજોગોમાં માલીકને મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી બિનશરતી સોંપી આપવાનું રહેશે. બિન–કિંમતી મુદ્દામાલ (જો હોય તો) નો અપીલ સમય બાદ નિમોનુસાર નિકાલ/નાશ કરવાનો રહેશે. દારૂ કે તેની મળી આવેલ ગેરકાયદેસર સામગ્રીનો નાશ કરવો.

૪) આરોપીએ રજુ કરેલ અગાઉના જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે વધુ છ માસના સમય માટેઅમલમાંરાખવાનો હુકમ કરવામાંઆવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૪
અમદાવાદ.
(લો.અ.–સ્પે.સીટીંગ)

(સનત જયંતિલાલ પંચાલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.(જી.જે.૦૦૮૬૪)